દર સોમવારે નિયમિત પ્રસિધ્ધ થતું સાપ્તાહિક અખબાર...

# સાબર રીપોર્ટર ન્યૂઝપેપર

સહતંત્રી : શીતલ ઠાકર મો.૯૭૨૭૮ ૬૧૩૬૦

PRGI : GJGUJ/25/A4373

Weekly સાપ્તાહિક ગુજરાતી

રજિસ્ટર્ડ સરનામું : ૮૯૨, મુસ્લિમ વિસ્તાર, મુ.પો.ગંભીરપુરા,તા.ઈડર,જી.સાબરકાંઠા-૩૮૩૪૩૦.

તંત્રી : બાદશાહખાન અજબખાન પઠાણ મો.૯૮૯૮૯૯૩૯૮૫

SABAR REPORTER NEWSPAPER - EDITOR : BADSHAHKHAN AJABKHAN PATHAN - WWW.SABARREPORTERNEWSPAPER.IN E-mail : badshahpathan@gmail.com

તા.૨૧-૦૯-૨૦૨૬ સોમવાર । અંક નં.૩૮ । પાના : ૪ । વર્ષ : ૧ । કિંમત રૂ.૨ । વાર્ષિક : ૧૦૦ Date : 21-09-2026 MONDAYI Isseu No. 38 I Page : 4 I Year : 1 I Price : 2 Yearly : Rs. 100

# ગાંભોઈ પોલીસની માનવતાવાદી કામગીરી પરિવારથી વિખૂટા પડેલા રાજસ્થાનના યુવકનું મિલન કરાવ્યું જમવાની સગવડ કરી ઘરે જવાનું ભાડું આપ્યું

સાબરકાંઠા જિલ્લાના ગાંભોઈ પોલીસ સ્ટેશન દ્વારા એક ઉત્કૃષ્ટ અને માનવતાવાદી કામગીરી હાથ ધરીને પોતાના પરિવારથી વિખૂટા પડેલા રાજસ્થાનના યુવકને મદદ પહોંચાડી તેના પરિવાર સાથે સુખદ મિલન કરાવવામાં આવ્યું છે.

મજૂરીકામની શોધમાં નીકળેલો યુવક અટવાયો હતો ગાંધીનગર રેન્જ આઈજી વિરેન્દ્રસિંહ યાદવ તથા સાબરકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક ડો. પાર્થરાજસિંહ ગોહિલની સૂચના મુજબ અને વિભાગીય પોલીસ અધિક્ષક એ. કે. પટેલના માર્ગદર્શન હેઠળ ગાંભોઈ પોલીસ ટીમ કાર્યરત હતી. તે દરમિયાન ૧૧૨ 'જનરક્ષક' મોબાઈલ વાનના કર્મચારીઓ માથાસુલિયા ગામેથી એક અજાણ્યા યુવકને ગાંભોઈ પોલીસ સ્ટેશન ખાતે લાવ્યા હતા.

પોલીસ સ્ટાફે આ યુવકની પૂછપરછ કરતા તેણે પોતાનું નામ દિનેશસિંહ મીતુસિંહ રાવત (ઉંમર વર્ષ ૨૯, રહે. અજીતગઢ, તા. ભીમ, જિ. રાજસમંદ, રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. યુવકે વધુમાં માહિતી આપતા જણાવ્યું કે, તે છેલ્લા ત્રણેક દિવસથી પોતાના ઘરેથી હિંમતનગર ખાતે મજૂરીકામ અર્થે નીકળ્યો હતો. પરંતુ મજૂરીકામ ન મળતા તે પોતાના વતન પરત જઈ રહ્યો હતો. તેની પાસે મુસાફરી માટે ભાડાના નાણાં ન હોવાથી તે બસ સ્ટેન્ડમાં રોકાયો હતો અને રસ્તો ભૂલી જતાં અજાણ્યો થઈ અટવાઈ પડ્યો હતો.

પોલીસે ચા-નાસ્તો અને જમવાની વ્યવસ્થા કરી મદદ કરી યુવકની સ્થિતિ જોઈને ગાંભોઈ પોલીસે તેને તુરંત ચા-પાણી, નાસ્તો તેમજ જમવાની ઉત્તમ સગવડ પૂરી પાડી હતી. ત્યારબાદ પોલીસે તેના પરિવારનો સંપર્ક કરવાનો પ્રયાસ કરતા યુવકે તેના કાકા ગોપાલસિંહ નાથુસિંહ રાવતનો મોબાઈલ નંબર આપ્યો હતો. પોલીસે તેમના કાકા સાથે વાતચીત કરી યુવક ઘરેથી ત્રણ દિવસથી નીકળી ગયો હોવાની ખાતરી કરી હતી.

વિડીયો કોલથી પરિવાર સાથે વાત કરાવી ભાડું આપી રવાના કર્યો પરિવારજનો ગાંભોઈ સુધી આવી શકે તેમ ન હોવાથી, ગાંભોઈ પોલીસે યુવકના વતનના નજીકના પોલીસ સ્ટેશન (ભીમ પોલીસ સ્ટેશન, રાજસ્થાન) ના બીટ પ્રભારી લાલારામ સાથે વિડીયો કોલ દ્વારા સંપર્ક કરાવી પરિવારજનો સાથે વાતચીત કરાવી આપી હતી. ત્યારબાદ યુવક સુરક્ષિત રીતે પોતાના ઘરે પહોંચી શકે તે માટે પોલીસે પોતાના ખર્ચે ભાડાની વ્યવસ્થા કરી આપી તેને સન વતન તરફ રવાના કર્યો હતો.

કામગીરી કરનાર પોલીસ ટીમઃ આ સરાહનીય કામગીરી ગાંભોઈ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એ. આર. ચૌધરી, એ.એસ.આઈ. ભરતકુમાર પરષોત્તમભાઈ (બ.નં. ૨૫૦) અને આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ ચંદ્રેશકુમાર હિંમતલાલ (બ.નં. ૩૩૩) દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવી હતી. •

## હિંમતનગર જિલ્લા પોલીસ કચેરી ખાતે ભક્તિભાવપૂર્વક ગણેશ મહોત્સવની ઉજવણી



સાબરકાંઠા જિલ્લા પોલીસ કચેરી, હિંમતનગર ખાતે સતત ચોથા વર્ષે ગણેશ મહોત્સવની શ્રદ્ધા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. ઢોલ-નગારાના તાલ અને ગુલાલની અબીલ-ગુલાલની છોળો વચ્ચે વિઘ્નહર્તા દેવ ગણપતિ બાપ્પાનું ભવ્ય આગમન થતાં સમગ્ર કચેરી પરિસરમાં ભક્તિમય અને ઉત્સવભર્યો માહોલ સર્જાયો હતો.

આ પ્રસંગે આયોજિત ભવ્ય સ્થાપના કાર્યક્રમમાં સાબરકાંઠાના સાંસદ શોભનાબેન બારૈયા, હિંમતનગરના ધારાસભ્ય વી.ડી. ઝાલા, જિલ્લા પોલીસ વડા (SP) ડો. પાર્થરાજસિંહ ગોહિલ સહિતના અગ્રણીઓ અને પોલીસ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સીઆરસી પોલીસ કેન્ટીનનું ખાતમુહૂર્ત

ગણેશ મહોત્સવના આ પવિત્ર અવસરે જિલ્લા પોલીસ પરિવાર અને કર્મચારીઓની સુવિધા અર્થે નવનિર્મિત થનાર 'સીઆરસી પોલીસ પરિવાર અને કર્મચારીઓની સુવિધા અર્થે નવનિર્મિત થનાર 'સીઆરસી પોલીસ કેન્ટીન' નું ખાતમુહૂર્ત પણ મહાનુભાવોના હસ્તે વિધિવત રીતે કરવામાં આવ્યું હતું.

ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની હાજરી

આ ધાર્મિક મહોત્સવમાં DYSP, LCB PI, SOG તેમજ પોલીસ વિભાગના કર્મચારીઓ અને તેમના પરિવારજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. સંધ્યા આરતી અને પૂજા અર્ચના બાદ પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું. ગણપતિ બાપ્પાની પધરામણીથી સમગ્ર જિલ્લા પોલીસ કચેરી પરિસર 'ગણપતિ બાપ્પા મોરિયા'ના નાદથી ગૂંજી ઊઠ્યું હતું. •

## કરાટે કોચ જુજારસિંહ વાઘેલાએ એશિયન રેફરી પરીક્ષા પાસ કરી ગુજરાત અને દેશનું નામ રોશન કર્યું...




જોર્ડનના અમ્માન ખાતે એશિયન કરાટે ફેડરેશન (AKF) દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત 'એશિયન રેફરી/જજ પરીક્ષા-૨૦૨૬'માં સાબરકાંઠાના જાણીતા કરાટે કોચ જુજારસિંહ કે. વાઘેલાએ ઝળહળતી સફળતા હાંસલ કરી છે. તેમણે લેખિત અને પ્રેક્ટિકલ બંને વિભાગોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને 'કુમિતે જજ છ'ની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી સમગ્ર ગુજરાત અને ભારતનું ગૌરવ વધાર્યું છે.

વરિષ્ઠ પદાધિકારીઓનો માન્યો આભાર પોતાની આ સિદ્ધિ બદલ જુજારસિંહ વાઘેલાએ માર્ગદર્શકોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સફરમાં તેમનેઃકરાટે ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન (KIO) પ્રમુખ હાનશી ભરત શર્મા, જનરલ સેક્રેટરી ક્યોશી સંજીવ જાંગરા અને ઇઝ સભ્ય શિહાન શાહીન અખ્તરનું સતત પ્રોત્સાહન મળ્યું.

કરાટે-ડો ફેડરેશન ગુજરાતઃ પ્રમુખ અને KIO ના ઉપપ્રમુખ હાનશી કલ્પેશ ખત્રીનું સમગ્ર પરીક્ષા દરમિયાન મૂલ્યવાન માર્ગદર્શન પ્રાપ્ત થયું.

સાબરકાંઠા જિલ્લામાં હર્ષની લાગણી આ આંતરરાષ્ટ્રીય સિદ્ધિ બદલ સાબરકાંઠા જિલ્લા કરાટે એસોસિએશન દ્વારા જુજારસિંહ વાઘેલાને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી છે. રમતગમત ક્ષેત્રે તેમની આ સફળતા સમગ્ર જિલ્લા તેમજ ભારતીય કરાટે જગત માટે પ્રેરણારૂપ બની રહેશે. •

## સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ વિસ્તારમાં જુગાર રમતા ઝડપાયેલા પોલીસ કોન્સ્ટેબલ સામે કડક કાર્યવાહી કરીને સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા (SP) દ્વારા તેને નોકરીમાંથી ડિસમિસ (સેવામુક્ત) કરવામાં આવ્યો છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, પોલીસ કોન્સ્ટેબલ સંજયકુમાર રામજીભાઈ (બકુલ નંબર ૫૭૧) અગાઉ ગાંભોઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ (પ્રોહિબિશન)ના ગુનામાં ઝડપાયા હતા. જેને પગલે તારીખ ૨૧/૦૬/૨૦૨૫ ના રોજ તેમને સસ્પેન્ડ (ફરજ મોકૂફ) કરી હિંમતનગર પોલીસ હેડક્વાર્ટર ખાતે મૂકવામાં આવ્યા હતા.

જોકે, ફરજ મોકૂફી સમય દરમિયાન હેડક્વાર્ટરના જવાબદાર અધિકારીઓની કોઈપણ જાતની લેખિત કે મૌખિક મંજૂરી લીધા વગર જ સંજય રામજીભાઈ મનસ્વીપણે હિંમતનગર છોડીને પ્રાંતિજ પોલીસ સ્ટેશન વિસ્તારના ઊંછા ગામે તળાવના કિનારે જુગાર રમવા પહોંચી ગયા હતા. તારીખ ૦૭/૦૮/૨૦૨૫ ના રોજ સાંજે ૧૯:૦૦ વાગ્યાના સુમારે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા તેઓ પોલીસ દરોડા દરમિયાન રૂ. ૬૦૦/- દાવ પરના તથા રૂ. ૬,૪૦૦/- અંગ ઝડતીના મળી કુલ રૂ. ૭,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા હતા.

દરોડા દરમિયાન પોતાની સાચી ઓળખ છુપાવવા માટે તેમણે પોલીસ સમક્ષ ખોટું નામ ધારણ કર્યું હતું. આ મામલે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા કલમ ૧૨ અને ખોટી ઓળખ આપવા બદલ ભારતીય ન્યાય સંહિતા કલમ ૨૧૨(બી) મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો.

તપાસ અધિકારી દ્વારા સીડીઆર (CDR) અને પુરાવાઓની ચકાસણી કરતા તેમની ખોટી ઓળખ અને હાજરી છતી થઈ હતી. શિસ્તબદ્ધ પોલીસ ખાતાના કર્મચારી હોવા છતાં આ પ્રકારનું ગેરવર્તન, બેદરકારી અને નિષ્કાળજી દર્શાવવા બદલ તેમની સામે ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવી હતી.

અગાઉ આ ઘટના બાદ તેમની હિંમતનગરથી બોટાદ ખાતે બદલી કરવામાં આવી હતી અને હાલ તેઓ બોટાદ ખાતે ફરજ બજાવતા હતા. ખાતાકીય તપાસના અંતે સાબરકાંઠા એસપી દ્વારા શિસ્તભંગ અને ગંભીર ગેરવર્તણૂક બદલ કોન્સ્ટેબલ સંજયકુમાર રામજીભાઈને તાત્કાલિક અસરથી પોલીસ ખાતામાંથી ડિસમિસ (સેવામુક્ત) કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

### ઈડર-ભિલોડા રોડ પર મોહનપુરા પાટિયા પાસે ૨૭ વર્ષથી ચાલતા 'ખમણિયા કેમ્પ'નો પ્રારંભ

## ધારાસભ્ય રમણ વોરાના હસ્તે ઉદ્ઘાટન



અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહામેળા નિમિત્તે દર્શનાર્થે જતા પદયાત્રિકોની સેવા અર્થે ઈડર-ભિલોડા રોડ પર આવેલા મોહનપુરા પાટિયા પાસે વિતેલા ૨૭ વર્ષથી યોજાતા પ્રખ્યાત ‘ખમણિયા કેમ્પ'નો તાજેતરમાં ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. સંચાલકો દ્વારા હાથ ધરાયેલા આ સેવાયજ્ઞનું વિધિવત ઉદ્ઘાટન ઈડરના ધારાસભ્ય રમણલાલ વોરાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પદયાત્રિકોની સ્વાસ્થ્ય સુરક્ષાને ધ્યાનમાં રાખીને જિલ્લા પંચાયત આયોજિત અને તાલુકા હેલ્થ ઓફિસ, કડિયાદરા સંચાલિત મેડિકલ કેમ્પનો પણ પ્રારંભ કરાયો હતો. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૨૭ વર્ષથી સતત કાર્યરત આ કેમ્પમાં અંબાજી તરફ પગપાળા જતાં માઈભક્તો માટે પૌષ્ટિક નાસ્તા સહિતની વિવિધ સગવડો પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત, દર્શનાર્થીઓને પગપાળા યાત્રા દરમિયાન સ્વાસ્થ્ય સંબંધી તકલીફો ન પડે તે માટે મેડિકલ કેમ્પ દ્વારા જરૂરી તબીબી સેવાઓ અને દવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

ઉદ્ઘાટન સમારોહમાં અશ્વિન પટેલ, કાંતિ પટેલ, કેવલ પટેલ, ધીરૂ પટેલ, વિનોદ પરમાર, રણવિજયસિંહ સહિત મોહનપુરા પાટિયાના સ્થાનિક દુકાનદારો, વિસ્તારના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં સેવાભાવી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## ખેડબ્રહ્મા તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા કારોબારીની મીટીંગ યોજાઈ



ખેડબ્રહ્મા વિધાનસભાના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી ડૉ.તુષારભાઈ ચૌધરી સાહેબની ઉપસ્થિતિમાં ખેડબ્રહ્મા તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા કારોબારી સમિતિની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું આ મિટિંગમાં સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી રામભાઈ સોલંકી પ્રભારીશ્રીઓ બાબુભાઈ, અમિતભાઈ, કનુભાઈ તેમજ ખેડબ્રહ્મા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ભમરસિંહ ચંદાવત ખેડબ્રહ્મા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત શર્મા ઉપરાંત તાલુકા કોંગ્રેસ સમિતિના તમામ આગેવાન કાર્યકતાશ્રીઓ અને ખેડબ્રહ્મા નગરપાલિકાના કોર્પોરેટરશ્રી ગોપાલભાઈ રાવલ અનિલભાઈ વણઝારા નયનભાઈ મોદી ભારતીબેન વ્યાસ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા આ ઉપરાંત ભાજપ યુવા મોરચાના મંત્રી મિતેશભાઈ દિનેશભાઈ વણઝારા વિક્રમભાઈ વણઝારા મયુરભાઈ વણઝારા અને તેમની ટીમ ભાજપને અલવિદા કહી કોંગ્રેસ પક્ષમાં જોડાઈ હતી ઉપરાંત આમ આદમી પાર્ટીના ખેડબ્રહ્મા શહેરના એસ.સી. સેલના પૂર્વ પ્રમુખ જૈમીનભાઈ મકવાણા સહિતના કાર્યકરોએ પોતાના પક્ષને અલવિદા કહી કોંગ્રેસ પક્ષની વિચારધારા સ્વીકારી કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા તમામ કાર્યકરોનું ખેડબ્રહ્માના ધારાસભ્ય તુષારભાઈ ચૌધરી સાહેબ, સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ રામભાઈ સોલંકી સાહેબ અને શહેર કોંગ્રેસ સમિતિમાં જોડાવા બદલ અમિત શર્માએ વિશેષ સ્વાગત કર્યું હતું આ કાર્યક્રમમાં સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ પ્રકાશભાઈ બારોટ રસિકભાઈ પરમાર અરવિંદભાઈ બુંબડીયા, ભવાનસિહજી વાઘેલા, લાલાભાઈ ભાવસાર ભીખાજી ઝાલાજી ખાંટ ઉપરાંત તાલુકા કોંગ્રેસ સમિતિના સૌ કોઈ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા આ મિટિંગમાં સંગઠન વિશેની વિશેષ ચર્ચાઓ કરવામાં આવી હતી સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રકાશભાઈ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું આભાર વિધિ કરી કાર્યક્રમને પૂર્ણ થયેલો જાહેર કરવામાં આવ્યો હતો અને ઉપસ્થિત સૌનો આભાર માનવામાં આવ્યો હતો

### હિંમતનગરની ડીસન્ટ વિદ્યાલયમાં શ્રદ્ધા અને ઉત્સાહભેર ગણેશ મહોત્સવ ઉજવાયો ધોરણ ૫ના વિદ્યાર્થી આર્ય સુથારે કરી ગણેશ વંદના



હિંમતનગર શહેરમાં આવેલી જાણીતી ડીસન્ટ વિદ્યાલય ખાતે ગણેશ ચતુર્થીના પાવન પર્વ નિમિત્તે ગણેશ મહોત્સવની ધામધૂમથી અને શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ શ્રદ્ધામય માહોલમાં શાળાના સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓ ભારે ઉત્સાહ સાથે જોડાયા હતા.

કાર્યક્રમ દરમિયાન ધોરણ ૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થી આર્ય કોવિદભાઈ સુથારે વિઘ્નહર્તા શ્રી ગણેશજીની ભાવપૂર્ણ વંદના કરી હતી. આર્યએ ગણપતિ દાદાના સિદ્ધ મંત્રોનું પઠન કરવાની સાથે સાથે વિઘ્નહર્તા ગણેશજી પોતાના ભક્તો પર કેવી રીતે અસીમ કૃપાવર્ષા કરે છે, તેનું ખૂબ જ સુંદર અને રોચક રીતે શાબ્દિક વર્ણન કરીને ઉપસ્થિત સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી રમેશભાઈ પટેલ, આચાર્યશ્રી, શિક્ષકગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ગણપતિ બાપાની આરતી અને પૂજન-અર્ચનામાં ભાગ લીધો હતો. સમગ્ર શાળા પરિસરમાં ×ગણપતિ બાપા મોરિયા×ના નાદ સાથે ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.

Owner, Publisher, Editor & Printer : Badshahkhan Ajabkhan Pathan, 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat - 383430. Name & Address of Printing Press Print Magic Graphics Milkat No. 2567, Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat 383430. Place & Publication 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat - 383430.

# હિંમતનગરના નવા ન્યાય મંદિરમાં ગણેશ મહોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી

## જિલ્લા બાર એસોસિએશન દ્વારા ૫૦ કિલોથી વધુ લાડુના પ્રસાદનું વિતરણ



સાબરકાંઠા જિલ્લાના વડામથક હિંમતનગર ખાતે આવેલા નવનિર્મિત ન્યાય મંદિર પરિસરમાં ગણેશ મહોત્સવ નિમિત્તે વિશેષ ધાર્મિક આયોજન કરવામાં આવ્યું હતું. સાબરકાંઠા જિલ્લા બાર એસોસિએશનના ઉપક્રમે કોર્ટ સંકુલમાં વકીલો, પક્ષકારો અને કોર્ટ સ્ટાફ સહિત સૌ માટે મહાપ્રસાદ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

હિંમતનગરમાં ગણેશ મહોત્સવની ઉજવણી સ્ટેટકાળથી જૂના ન્યાય મંદિર સાથે જોડાયેલી એક અવિરત પરંપરા રહી છે. ગત ૫ જૂનના રોજ ખુલ્લા મુકાયેલા આ નવા ન્યાય મંદિરના નિર્માણ બાદ પરિસરમાં હનુમાન દાદા અને ભૈરવ દાદાની પ્રતિમાઓની પુનઃસ્થાપના કરી પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ વર્ષે ગણેશ ચતુર્થી પર્વ નિમિત્તે સાબરકાંઠા જિલ્લા બાર એસોસિએશન દ્વારા એક દિવસીય વિશેષ પ્રસાદ વિતરણનું આયોજન હાથ ધરાયું હતું.

આ ધાર્મિક પ્રસંગે કોર્ટ સંકુલમાં ઉપસ્થિત તમામ વકીલો, પોતાના કેસ સંબંધિત કામકાજ માટે આવેલા પક્ષકારો અને ન્યાયાલયના સ્ટાફ મિત્રોને ૫૦ કિલોથી વધુ ચોખા અને શુદ્ધ તૈયાર કરાયેલા ચૂરમાના લાડુનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

સાબરકાંઠા જિલ્લા બાર એસોસિએશનના પ્રમુખ રાજુભાઈ શર્માએ જણાવ્યું હતું કે, આ આયોજનનો મુખ્ય હેતુ કોર્ટ સંકુલ સાથે જોડાયેલા દરેક વર્ગના લોકોના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ આવે તેમજ ન્યાયના ધામમાં પરસ્પર કોઈપણ પ્રકારનો કલેશ કે મનભેદ ઊભો ન થાય અને સદભાવનાનો માહોલ જળવાઈ રહે તે માટે દાદાના ચરણોમાં પ્રાર્થના કરવાનો છે.

# પોશીનાના છોછર ગામેથી મળી આવેલી અજાણી લાશનો મર્ડર મિસ્ટ્રી ઉકેલાયો

## ૩ આરોપી ઝડપાયા

સાબરકાંઠા જિલ્લાના પોશીના પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા છોછર ગામની સીમમાંથી મળી આવેલી અજાણ્યા યુવકની લાશનો ભેદ ઉકેલવામાં પોશીના પોલીસને મોટી સફળતા મળી છે. મૃતક અમદાવાદના રાકેશભાઈ કાળાભાઈ પરમાર (ઉ.વ. ૨૮) હોવાનું સામે આવ્યું છે. આ ગુના અંગે મૃતકના ભાઈ દિનેશકુમાર પરમારે પોશીના પોલીસ મથકે હત્યાનો ગુનો નોંધાવ્યો છે.પાર્ટી કરવાના બહાને લાવ્યા અને ગળું દબાવી હત્યા કરી

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ૪સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ મૃતક રાકેશભાઈ પોતાના મિત્રો સાથે નીકળ્યા હતા. આરોપી રવીભાનસિંગ રાજપૂત તથા તેની પત્ની ભાવનાબેન અને અન્ય બે ઈસમો રાકેશભાઈને પાર્ટી કરવાના બહાને હિંમતનગર તરફ લઈ ગયા હતા. ત્યાં કોઈ અગમ્ય કારણોસર રાકેશભાઈનું ગળું દબાવી તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી તેમની હત્યા કરી દેવામાં આવી હતી. હત્યા બાદ આરોપીઓએ લાશને પોશીના તાલુકાના છોછર ગામની સીમમાં અવાવરૂ જગ્યાએ રોડની સાઈડમાં ફેંકી દીધી હતી.

પત્નીએ પણ રચ્યું કાવતરું

પોલીસ તપાસ દરમિયાન એ પણ ખુલાસો થયો છે કે મૃતકના મૈત્રી કરારથી સાથે રહેતી પત્ની ગીતાબેન ઉર્ફે મોહિનીબેન આ સમગ્ર હત્યાની ઘટના જાણતી હોવા છતાં પરિવારથી આ વાત છુપાવી હતી અને સમગ્ર ષડયંત્રમાં સાથ આપ્યો હતો.

પોલીસે ૩ આરોપીઓની અટકાયત કરી

પોશીના પોલીસ સ્ટશનના પી.આઈ. ડી.એન. સાધુ અને સાધુ અને તેમની ટીમે ગુનાની ગંભીરતા જોઈ ત્વરિત તપાસ હાથ ધરી હતી. પી.એમ. રિપોર્ટમાં ગળું દબાવવાથી મોત થયાનું સામે આવતાં પોલીસે કલમ ૧૦૩(૧), ૬૧(૨) હેઠળ ગુનો નોંધી મુખ્ય આરોપી રવીભાનસિંગ રાજપૂત, ભાવનાબેન રાજપૂત અને ગીતાબેન (મૃતકની પત્ની) ની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઈડરના કુકડીયામાં લાખ્ખો રૂપિયાના ખર્ચે બનેલો રંગમંચ ખંડેર

## હજુ સુધી ઉદ્ઘાટન જ નહીં થતાં ખર્ચ માથે પડયો બંધ પડેલા હોલમાં એકપણ કાર્યક્રમ થયો નહીં

## બિસ્માર રંગમંચનું રિનોવેશન માટે રજૂઆત કરાઈ



વર્ષો અગાઉ શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ભજવાતાનાટકો તથા ભવાઈ સહિતના કાર્યક્રમોને લીધે સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના કેટલાક પરિવારોનું જીવન ગુજરાન થતુ હતું સાથો સાથ ગુજરાતી ચિત્રપટ્ટમાં અભિનયના ઓજસ પાથરનાર સ્વ.ઉપેન્દ્ર ત્રિવેદી અને અરવિંદ ત્રિવેદીએ સાબરકાંઠાનું નામ રોશન કરનાર આ બંને કલાકારોએ સ્થાનિક કલાકારો તૈયાર કરવા માટે મહેનત કરી હતી જેથી સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગની ગ્રાન્ટમાંથી વર્ષો અગાઉ કુકડીયા ગામે રંગમંચનું નિર્માણ કરાયું હતું. પરંતુ અગમ્ય કારણોસર આ રંગમંચનું ઉદ્ઘાટન ન થવાને કારણે હાલ તે બિસ્માર બની ગયું છે. જેથી રીનોવેશન માટે તાજેતરમાં રાજયના નાયબ મુખ્યમંત્રીને રજૂઆત કરીને ઘટતુ કરવાની માંગ ઉઠવા પામી છે.

કુકડીયા ગામમાં ગ્રામજનો અને સ્થાનિક કલાકારો માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની શકે તેવા હેતુથી રંગમંચ બનાવવામાં આવ્યો હતો. પરંતુ બાંધકામ પૂર્ણ થયા બાદ પણ તેનો ઉપયોગ શરૂ થયો નથી. ખાસ કરીને આજદિન સુધી અહીં કોઈ સત્તાવાર કાર્યક્રમ કે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો નથી. જેના કારણે સરકારની ગ્રાન્ટમાંથી તૈયાર કરાયેલું જાહેર ઉપયોગનું આ માળખું વર્ષોથી ધૂળ ખાઈ રહ્યું છે. યોગ્ય જાળવણીના અભાવે રંગમંચની હાલત દિવસેને દિવસે ખરાબ થઈ રહી છે. એક તરફ ગામમાં નાના કલાકારો, યુવાનો અને વિવિધ સંસ્થાઓને કાર્યક્રમો માટે યોગ્ય સ્થળની જરૂરિયાત છે, જ્યારે બીજી તરફ તૈયાર થયેલો રંગમંચ ઉપયોગ વિના બિસ્માર બની રહ્યો છે. જો સમયસર રિનોવેશન અને જાળવણી કરવામાં આવે તો આ રંગમંચ કુકડીયા સહિત આસપાસના ગામો માટે પણ ઉપયોગી બની શકે તેમ છે.

આ અંગે કુકડીયાના સરપંચ લક્ષ્મીબેન વિક્રમભાઈ રાવળ અને ડેપ્યુટી સરપંચ મેઘાબેન નરેન્દ્રકુમાર કુલકર્ણી દ્વારા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં વર્ષોથી ઉપયોગ વિના પડેલા રંગમંચનું જરૂરી રિનોવેશન કરાવી તેની યોગ્ય જાળવણી કરવામાં આવે તેમજ તેનું ઉદ્ઘાટન કરી પ્રજાના ઉપયોગ માટે ખુલ્લું મુકવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. રંગમંચ કાર્યરત થાય તો કુકડીયા ગામના નાના કલાકારોને પોતાની પ્રતિભા રજૂ કરવા માટે પ્લેટફોર્મ મળી શકે છે. નાટક, સંગીત, સાંસ્કૃતિક કાર્યક્રમો, સામાજિક કાર્યક્રમો તેમજ સરકારના વિવિધ કાર્યક્રમો માટે પણ તેનો ઉપયોગ થઈ શકે છે. સાથે જ આસપાસના ગામોના લોકોને પણ આ સુવિધાનો લાભ મળી શકે તેમ છે.ગ્રામજનોનું કહેવું છે કે સરકારી ગ્રાન્ટમાંથી તૈયાર કરવામાં આવેલું જાહેર ઉપયોગનું સ્થળ વર્ષો સુધી બંધ રહેવાને બદલે તેનું રિનોવેશન કરી નિયમિત ઉપયોગમાં આવે તે જરૂરી છે.

# ખેડબ્રહ્માના નવા ચાંપલપુર ખાતે ૧૦ લાખના ખર્ચે નિર્મિત તાલુકાના પ્રથમ શિખરબદ્ધ ગણેશચોકનું લોકાર્પણ

ખેડબ્રહ્મા તાલુકાના નવા ચાંપલપુર ખાતે ગણેશ ચતુર્થીના શુભ અને પવિત્ર દિવસે ‘નવીન ગણેશચોક‘નું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ નવીન ગણેશચોક સમગ્ર ખેડબ્રહ્મા તાલુકામાં ૧૦ લાખના ખર્ચે તૈયાર કરાયેલું પ્રથમ શિખરબદ્ધ નિર્માણ છે, જે હાલ સમગ્ર પંથકમાં આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બન્યું છે.

ગણેશ ચતુર્થીના પાવન પર્વે નવા ચાંપલપુર ખાતે ગણપતિ બાપાની એક ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષના મુખ્ય દાતા ગોપાલભાઈ પાઠકના નિવાસસ્થાનેથી ડીજેના તાલે અને ઢોલ-નગારા સાથે શોભાયાત્રા પ્રસ્થાન થઈ હતી. ગામના મુખ્ય માર્ગો પર ફરીને ભક્તિમય માહોલમાં શોભાયાત્રા નવીન ગણેશચોક ખાતે પહોંચી હતી, જ્યાં વિઘ્નહર્તા દેવને વિધિવત રીતે બિરાજમાન કરવામાં આવ્યા હતા. શોભાયાત્રા દરમિયાન ડીજેના તાલે શ્રદ્ધાળુઓ અને યુવાનો ઝૂમી ઉઠ્યા હતા.

આ ધાર્મિક પ્રસંગે ઓમકારેશ્વર યુવક મંડળ, ઓમકારેશ્વર મહિલા ભજન મંડળ તેમજ ચાંપલપુર ગામના વડીલો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ભવ્ય અને દિવ્ય નિર્માણમાં આર્થિક તેમજ સેવાકીય સહયોગ આપનાર તમામ દાતાશ્રીઓનો સમસ્ત ચાંપલપુર ગ્રામજનો દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

સાબર રીપોર્ટર ન્યુઝપેપર — સમાચાર અને જાહેરખબર માટે સંપર્ક કરો
પોશીના : રાકેશ પંચાલ મો.૯૬૦૧૫૮૩૬૫૨ લાંબડિયા : જયેશ જોષી મો.૯૪૯૯૫૫૩૦૩૦

## હિંમતનગરમાં પર્યુષણ મહાપર્વની ભક્તિભાવપૂર્વક પૂર્ણાહુતિ તપસ્વીઓ સાથે ભવ્ય શોભાયાત્રા યોજાઈ

હિંમતનગરમાં જૈન સમાજના પવિત્ર પર્યુષણ મહાપર્વની પૂર્ણાહુતિ નિમિત્તે બુધવારે સમગ્ર શહેરમાં શ્રદ્ધા અને ઉત્સાહ સાથે ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. સંવત્સરીના પાવન પર્વે ક્ષમાપના વિધિ સંપન્ન થયા બાદ તપસ્વીઓના પારણા કરાવવામાં આવ્યા હતા, જેના પછી વાજતે-ગાજતે ભગવાનના રથ સાથે શોભાયાત્રાનો પ્રારંભ થયો હતો.આ શોભાયાત્રા શહેરના વખારીયાવાડ સ્થિત મહાવીર સ્વામી જૈન દેરાસરથી શરૂ થઈ હતી. ત્યાંથી ગાંધી રોડ, ટાવર વિસ્તાર, બગીચા વિસ્તાર અને મલ્લીનાથ જૈન દેરાસર થઈને મહાવીરનગરના શાંતિનાથ જૈન દેરાસર પહોંચી હતી. ત્યારબાદ પરત વખારીયાવાડ જૈન દેરાસર ખાતે પહોંચીને શોભાયાત્રાનું સફળ સમાપન થયું હતું.શોભાયાત્રા દરમિયાન સમગ્ર હિંમતનગર શહેર ‘મહાવીર સ્વામી કી જય'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું અને વાતાવરણ પૂરેપૂરું ધાર્મિક તથા ભક્તિમય બની ગયું હતું.

## હિંમતનગર GMERS સિવિલ હોસ્પિટલને અદ્યતન મેમોગ્રાફી મશીનની ભેટ, મહિલાઓ માટે નિઃશુલ્ક તપાસ સુવિધા શરૂ



સાબરકાંઠા જિલ્લાના મહિલા આરોગ્ય ક્ષેત્રે એક મહત્વપૂર્ણ અને સેવાકીય સામાજિક પહેલ સામે આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ પ્રસંગે હિંમતનગર ખાતે આવેલી જીએમઈઆરએસ (GMERS ) મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ ખાતે મહિલાઓમાં સ્તન કેન્સરના વહેલા નિદાન માટે અદ્યતન મેમોગ્રાફી મશીન લોકાર્પણ કરીને અર્પણ કરવામાં આવ્યું છે.આ સેવાકીય પહેલ ભાવના સેવા ટ્રસ્ટ દ્વારા હાથ ધરવામાં આવી છે. દાદરા-નગર હવેલી, દમણ-દીવ તથા લક્ષદ્વીપના પ્રશાસક પ્રફુલભાઈ પટેલના ‘સ્વસ્થ સ્ત્રી, સુરક્ષિત પરિવાર' અભિયાનના માર્ગદર્શન હેઠળ આ મશીન ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.સાંસદ શોભનાબેન બારૈયા, ધારાસભ્ય વી.ડી. ઝાલા તથા ભાવના સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી સિદ્ધાર્થભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં રિબન કાપીને આ મશીનનું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ ગાંધી સહિતના અનેક અગ્રણીઓ અને હોસ્પિટલનો સ્ટાફ હાજર રહ્યો હતો.સ્તન કેન્સરનું પ્રાથમિક તબક્કે જ યોગ્ય અને સચોટ નિદાન શક્ય બનશે, જેથી સમયસર સારવાર શરૂ કરી અનેક મહિલાઓનો જીવ બચાવી શકાશે.સાબરકાંઠા તેમજ આસપાસના જિલ્લાઓમાંથી આવતી ગરીબ અને જરૂરિયાતમંદ મહિલાઓ માટે આ સ્ક્રિનિંગ ટેસ્ટ સંપૂર્ણપણે વિનામૂલ્યે કરવામાં આવશે ટ્રસ્ટ દ્વારા આગામી દિવસોમાં ઈડરના ગોધમજી અને ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ટ્રસ્ટ ખાતે પણ આ જ પ્રકારે મેમોગ્રાફી મશીનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.મહિલાઓના સ્વાસ્થ્ય માટે આ એક ઐતિહાસિક પગલું છે. સિવિલ હોસ્પિટલમાં નિ:શુલ્ક મેમોગ્રાફી શરૂ થવાથી સામાન્ય અને ગરીબ પરિવારની બહેનોને મોંઘા ટેસ્ટમાંથી રાહત મળશે અને કેન્સર સામે સમયસર રક્ષણ મળશે. વડાપ્રધાનશ્રીના જન્મદિવસે મળેલી આ ભેટ મહિલા સશક્તિકરણ અને આરોગ્ય સુરક્ષાનું ઉત્તમ ઉદાહરણ છે. ‘સ્વસ્થ સ્ત્રી, સુરક્ષિત પરિવાર'ના સંકલ્પને આનાથી નવી બળ મળશે.

## શાંતિનગરમાં આઠમા ગણેશ મહોત્સવનો ભક્તિભાવપૂર્વક પ્રારંભ

હિંમતનગરના શાંતિનગર ખાતે ગણેશ મહોત્સવની ભારે ઉત્સાહ અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. શાંતિનગર વિકાસ મંડળ-૨ દ્વારા સતત આઠમા વર્ષે આ ચાર દિવસીય ગણેશ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જેને લઈને સમગ્ર સોસાયટી વિસ્તારમાં ભક્તિમય અને ઉત્સાહસભર માહોલ છવાયો છે.

મહોત્સવના પ્રથમ દિવસે જ સ્થાનિક ભક્તોએ મોટી સંખ્યામાં હાજરી આપીને વિઘ્નહર્તા દેવ શ્રી ગણેશજીનાદર્શન તથા સમૂહ આરતીનો લાભ લીધો હતો. આયોજકો દ્વારા જણાવ્યા મુજબ, આગામી ચાર દિવસ દરમિયાન શાંતિનગર સોસાયટીના વિવિધ વિસ્તારોમાં રોજ સમૂહ આરતી યોજાશે.

મહોત્સવ દરમિયાન માત્ર પૂજા-અર્ચના જ નહીં, પરંતુ અનેક પ્રકારના સાંસ્કૃતિક અને મનોરંજક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે:શાંતિનગર વિકાસ મંડળ-૨ ના આ આયોજનમાં સોસાયટીના તમામ સ્થાનિક રહીશો અને ભક્તો ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે, જેનાથી સમગ્ર વિસ્તાર ગણેશમય બની ગયો છે.

## ઈડર ખાતે વીરાવાલા પરિવાર (લીલછા) દ્વારા ભવ્ય સ્નેહ મિલન યોજાયા ૫ પેઢીના ૧૫૩ ગામોની ૧૮૦ દીકરીઓનું તાંબાના કળશથી બહુમાન



ઈડર-વિજયનગર ત્રણ રસ્તા પાસે આવેલી પ્રયાગ કોલેજ ખાતે લીલછા નિવાસી વીરાવાલા પરિવારના સ્વજન અને રિટાયર્ડ ડીન ડૉ. પ્રો. ગોવિંદભાઈ મસાલના માર્ગદર્શન હેઠળ ‘વસુધૈવ કુટુંબકમ્'ની ઉત્કૃષ્ટ ભાવનાને સાર્થક કરતો એક ભવ્ય અને લાગણીસભર સ્નેહ મિલન કાર્યક્રમ યોજાઈ ગયો.સ્નેહ મિલન સમારોહમાં વીરાવાલા પરિવારની પાંચ પેઢીના સભ્યો સહિત ૧૫૩ જેટલાં જુદા જુદા ગામોમાંથી પધારેલી પરિવારની ૧૮૦ દીકરીઓ અને તેમના પરિવારોએ ઉત્સાહભેર હાજરી આપી હતી.

સમાજ સુધારણા અને સન્માનનો અનોખો સંગમ આધુનિક વિજ્ઞાન અને ટેક્નોલોજીના યુગમાં દરેક સ્વજન આર્થિક અને સામાજિક રીતે પ્રગતિ કરે તેમજ પરસ્પર સ્નેહ અને હેતના સંબંધોથી જોડાયેલો રહે તેવા તેવા ઉદેશ્ય સાથે આ આયોજન કરાયું હતું.સમાજમાંથી અંધશ્રદ્ધા અને કુરિવાજોને તિલાંજલિ આપવા આહ્વાન કરાયું.

વ્યસનમુક્ત, સુદ્રઢ અને તંદુરસ્ત સમાજની રચના કરી શૈક્ષણિક અને આર્થિક વિકાસ સાધવા પર ભાર મૂકાયો. ૧૫૩ ગામથી ઉપસ્થિત રહેલી પરિવારની ૧૮૦ દીકરીઓનું તાંબાનો કળશ ભેટ આપીને વિશેષ બહુમાન કરવામાં આવ્યું.પારિવારિક સંબંધો વધુ મજબૂત બન્યા ભાગદોડ ભરેલી આધુનિક દિનચર્યા વચ્ચે સગા-સંબંધીઓ એકબીજાને મળે અને પારિવારિક સંબંધો વધુ દ્રઢ બને તે માટે વીરાવાલા પરિવાર (લીલછા) દ્વારા કરવામાં આવેલો આવેલો આ પ્રયાસ ખૂબ જ સરાહનીય રહ્યો હતો. આ પ્રસંગે વિવિધ પરગણાના અગ્રણીઓ તેમજ પાંચેય પેઢીના અબાલ-વૃદ્ધ સૌ પરિજનોએ એકઠા થઈને સ્નેહની આપ-લે કરી હતી.

સમગ્ર સફળ કાર્યક્રમનું સંચાલન રિટાયર્ડ પીએસઆઈ પ્રવીણભાઈ સોલંકી, જગદીશભાઈ અને વસંતભાઈ દ્વારા ડૉ. પ્રો. ગોવિંદભાઈ મસાલના કુશળ માર્ગદર્શન હેઠળ સુચારૂ રૂપે કરવામાં આવ્યું હતું.

## અંબાજી પદયાત્રીઓ અને હાઈવે સલામતી સામે સ્થાનિકોના 'શોર્ટકટ'નું જોખમ ગાર્ડ રેલ સાથે ચેડાં થતાં પોલીસ ફરિયાદ



અંબાજી તરફ જતા લાખો પદયાત્રીઓ અને હાઈવે પરથી પસાર થતા વાહનચાલકોની સુરક્ષા માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ઊભી કરવામાં આવેલી સલામતી વ્યવસ્થા સામે સ્થાનિકોની બેદરકારી ભારે પડી રહી છે. ઈડર તાલુકાના કાનપુર-રેવાસ ગામ નજીકથી પસાર થતાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૧૬૮-જી પર મુખ્ય રોડ અને સર્વિસ રોડ વચ્ચે મૂકવામાં આવેલી ‘પેડેસ્ટ્રીયન ગાર્ડ રેલ'ને કાપીને અનધિકૃત શોર્ટકટ બનાવવામ આવતા મોટું અકસ્માતનું જોખમ ઊભું થયું છે. આ ગંભીર બાબત ધ્યાન પર આવતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરે ઈડર પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરી કાયદેસરની કાર્યવાહીની માગ કરી છે.

મુખ્ય મુદ્દાઓ અને ઘટનાની ગંભીરતા : સલામતી વ્યવસ્થા ાં સાથે ચેડાં: કાનપુર અને રેવાસ ગામ વિસ્તારમાં બડોલી-ભિલોડા-શામળાજી માર્ગના નવીનીકરણ અંતર્ગત સર્વિસ રોડ અને મિડિયન ગેપ બનાવવામાં આવ્યા છે. પદયાત્રીઓ કે અન્ય વાહનો સીધા મુખ્ય માર્ગ પર આવીને અકસ્માતનો ભોગ ન બને તે માટે લોખંડની ગાર્ડ રેલ લગાવવામાં આવી હતી. જોકે, સ્થાનિકોએ પોતાના સ્વાર્થ માટે આ ગાર્ડ રેલમાં કટ મારીને ગેરકાયદે રસ્તા બનાવી લીધા છે.

૮૦ થી ૧૦૦ કિમીની સ્પીડ પર અકસ્માતનો ભય: આ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વાહનોની ડિઝાઈન સ્પીડ ૮૦થી ૧૦૦ કિમી પ્રતિ કલાક છે. તંત્ર દ્વારા પોલીસને પુરાવા સાથે અપીલ: નાયબ કાર્યપાલક ઈજનેર (ઈડર પેટા વિભાગ) દ્વારા હાઈવે પર ક્ષતિગ્રસ્ત કરાયેલી ગાર્ડ રેલના ફોટોગ્રાફ્સ સાથે ઈડર પોલીસને પત્ર પાઠવવામાં આવ્યો છે. તંત્રએ ગાર્ડ રેલ કાપીને થતી અનધિકૃત અવરજવર તુરંત રોકવા અને સ્થાનિકોમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ લાવવા પોલીસને વિનંતી કરીછે. જે વિદીત થાય..